ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૭/૨૨–૨૩/ 1086 તારીખ : 21 JUL 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦૭/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ,**
**શિવાલય એપાર્ટમેન્ટ,**
**બ્લોક નં–૧, નૂતનનગર,**
**હેવન હેટલ સામે ખાંચામાં,**
**રેલ્વે પાટા સામે,**
**તા.મહુવા, જી.ભાવનગર.**

મો.નં–૯૮૯૮૮ ૧૬૦૯૯

**વિષય : ઘર વપરાશનું વિજ કનેકશનના આપવા બાબત.**

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૧૪/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૭/૨૨–૨૩/e-137584 તા.૨૧/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૭/૨૨–૨૩/૭૪૩ તા.૧૫/૦૪/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૬/૨૨–૨૩/૮૩૯ તા.૦૧/૦૫/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૦૫/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી, મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા.**

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar.

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૭/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ,**

◈ **વિરૂઘ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૧/૦૫/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા,**
**શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.ઓફ એકા., વિભાગીય કચેરી, મહુવા તથા**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ, મું.તા.મહુવા, જી.ભાવનગરની ઘર વપરાશનું વિજ કનેકશનના આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૭/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૭/૨૨–૨૩/e-137584 તા.૨૧/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૮/૦૪/૨૦૨૩, તથા તા.૧૧/૦૫/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ હાજર રહેલ,**તા.૧૧/૦૫/૨૦૨૩** ના રોજની સુનાવણી માં વાદીને બોલાવવામાં આવેલ નહિ. તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.ઓફ એકા, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી જોગદીયા રામજીભાઈ હિરાભાઈ, શિવાલય એપાર્ટમેન્ટ, બ્લોક નં–૧, નુતનનગર, હેવન હોટલ સામે ખાંચામાં, રેલ્વે પાટા સામે, મહુવા તા.જી.ભાવનગર સ્થળે ૨૦૦૫ ની સાલમાં અમે અનુસુચીત જાતીના ઉમેદવાર હોવાથી અનુસુચીત જાતિના ઉમેદવાર પાસેથી બે માળનું શિવાલય એપાર્ટમેન્ટમાં બ્લોક નં–૧ ખરીદ કરેલ અમે અન્ય મકાનમાં રહેતા હોવાથી લાંબા ટાઈમ બ્લોક બંધ રહેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ સંજયભાઈ પ્રવીણભાઈ ચૌહાણે એપાર્ટમેન્ટમાં ૧૨ બ્લોક બનાવેલ, તેમાંથી અમોએ બ્લોક નં–૧ ખરીદ કરેલ. વીજ કનેકશનની જરૂર હોવાથી અમે અમારી વીજ કચેરી મહુવા ટાઉનમાં જરૂરી આધાર પુરાવા જોડી એ–વન ફોર્મ ભરી તા.૧૭/૦૧/૨૦૨૩ ના રોજ કંપનીના નીયમ મુજબ મહુવા ટાઉન કચેરીમાં આપેલ.

૧.૩ સદર કચેરીમાંથી અમોને જણાવેલ કે, તમોએ જેની પાસેથી બ્લોક ખરીદ કરેલ છે, તે સંજયભાઈ પાસે બીલના નાણાં બાકી છે એટલે તમને વીજ કનેકશન મળે નહી. હાલમાં, સંજયભાઈનું વીજ કનેકશન ચાલુ છે, તે વીજ કનેકશન કાપી નાંખો તો જણાવેલ કે, ચાલુ વીજ કનેકશન કપાય નહી મારૂં એ–વન ફોર્મ એક મહિના બાદ પરત આપેલ છે. હું ડિવીઝન ઓફીસમાં કાર્યપાલક ઈજનેરશ્રી અને નાયબ ઈજનેરશ્રી ને મળેલ, તેઓ કોઈએ જવાબ આપેલ નહીં.

૧.૪ અમોને ખાસ અંગભુત યોજના એસસીએસપી હેઠળ અનુજાતિ હેઠળ વીજ જોડાણ આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહકનું નામ – શ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ

૨.૨ વાદીશ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ, શિષાલય એપાર્ટમેન્ટ, બ્લોક નં–૧, નૂતનનગર, હેવન હોટલ સામે ખાંચામાં, રેલ્વે પાટા સામે, મહુવા, તા.જી.ભાવનગર સ્થળે ૨૦૦૫ ની સાલમાં તેઓ અનુસુચિત જાતિના ઉમેદવાર હોવાથી અનુસુચિત જાતીના ઉમેદવાર પાસેથી બે માળનું શિવાલય એપાર્ટમેન્ટમાં બ્લોક નં–૧ ખરીદ કરેલ.

૨.૩ વાદી દ્વારા જે જગ્યા પર વિજ કનેકશન માંગવામાં આવેલ તે શિવાલય એપાર્ટમેન્ટ, બ્લોક નં–૧, પ્લોટ નં–૪૫૯ અને ૪૬૯ પર છે અને અરજદાર શ્રી અરૂણાબેન રામજીભાઈ જોગદીયા દ્વારા જે એ–૧ ફોર્મ રજૂ કરેલ છે. તેમાં પણ પ્લોટ નં–૪૫૯ તેમજ ૪૬૯ એમ બંને પ્લોટનો ઉલ્લેખ કરેલ છે. તેમજ તેઓ રજૂ કરેલ દસ્તાવેજના પાના નં – ૪ માં તેની સંપૂર્ણ માહિતી છે. જે આ સાથે સામેલ છે.

૨.૪ સદર શિવાલય એપાર્ટમેન્ટ, જે પ્લોટ નં–૪૫૯ ઉપર પહેલા સંજયભાઈ પ્રવિણભાઈ ચૌહાણ ના નામે તા.૦૪/૦૮/૧૯૯૬ ના રોજ થ્રી ફેઈઝ કનેકશન રીલીઝ કરેલ હતું. પરંતુ, સદર કનેકશનના બાકી લેણાં રૂા.૨૭,૩૬૨/૩૪ હોવાથી સદર કનેકશન પીડીસી કરી નાંખેલ હતું.

૨.૫ વાદી તેઓની અરજીમાં જણાવેલ છે કે, સદર સ્થળ હાલમાં ૧૦ કનેકશન આપેલ છે તે અંગે જણાવવાનું કે, સદર સ્થળ પર શ્રી સંજયભાઈ પ્રવિણભાઈ ચૌહાણનું કનેકશન પીડીસી કરેલ તે પહેલાના કનેકશન અપાયેલા છે. સદર કનેકશન પીડીસી કર્યા પછી સદર સ્થળ પર કોઈ કનેકશન આપવામાં આવેલ નથી. સદર સ્થળ પર નીચે મુજબ ના કનેકશન અપાયેલા છે.

| Consumer No. | Consumer Name | Address 1 | Address 2 | Release Date | Load | Tariff |
|---|---|---|---|---|---|---|
| 37103062560 | Bhanjibhai Devshibhai Viras | Block-13, Shivalay Appartment | Nutannagar 1st floor | 25.07.2008 | 0.5 | RGPU |
| 37103056803 | Premjibhai Dhudabhai | Maru, Shivalay Appartment | Nutannagar N.Harijan DH. | 07.06.2004 | 0.5 | RGPU |
| 37103070482 | Ranjanben Jasvantbhai | Shivalay Appartment | Near Dipakkunj, | 05.07.2009 | 0.5 | RGPU |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | Boricha | | Nutannagar | | | |
| 37103056030 | Hamirbhai Naranbhai Baraiya | Shivalay Appartment | Nutannagar, Behind Kuberbaug | 13.12.2003 | 0.5 | RGPU |
| 37103056528 | Devalben Razabhai | Shivalay Appartment | Nutannagar | 08.03.2004 | 0.5 | RGPU |
| 37103062560 | Khuman Namrataben G | Block No.11, Shivalay Appartment | Nutannagar B H Ramdevpir | 01.09.2008 | 0.5 | RGPU |
| 37103056021 | Vithalbhai Anandbhai | Maru Nutannagar | Shivalay Appartment, Block | 13.12.2003 | 0.5 | RGPU |
| 37103063117 | Gohil Pragjibhai Tidabhai | Block No.07, Shivalay Appartment | Nr Kuberbaug | 23.12.2008 | 0.5 | RGPU |
| 37103056250 | Kishorbhai Valjibhai | Khimsuriya Nutannagar | Shivalay Appartment, -6 | 28.02.2004 | 0.5 | RGPU |
| 37103056285 | Chauhan Nehalkumar Pravinbhai | Nutannagar | Shivalay Appartment, | 03.03.2004 | 0.5 | RGPU |

૨.૬ વાદી તેઓની અરજીમાં જણાવે છે કે, સદર સ્થળ પર બ્લોક નં–૧ માં સંજયભાઈ પ્રવિણભાઈ ચૌહાણ નામે હજી કનેકશન શરૂ છે. જે અંગે મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રી, તેમજ સી.આસી. બિલીંગ દ્વારા સ્થળ રોજકામ મુજબ સદર સ્થળ બ્લોક નં–૧ ઉપર કોઈપણ કનેકશન શરૂ નથી તેમજ અરજદારશ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ ને ફોન કરેલ છતાં, તેઓ સ્થળ પર હાજર રહેલ નહી.

૨.૭ સદર અરજી અંગે મહુવા શહેર પેટા વિભાગીય કચેરી તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ જવાબ રજૂ કરેલ છે.

૨.૮ આમ, પ્લોટ નં–૪૫૯ પર કંપનીનું બાકી લેણું હોવાથી સપ્લાય કોડ–૦૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૩૦ મુજબ વાદીશ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ ને મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા વિજ કનેકશન આપેલ નથી.

૨.૯ આ સાથે સ્થળ રોજકામની નકલ તેમજ સંજયભાઈ પ્રવિણભાઈ ચૌહાણ ના નામે તા.૦૪/૦૮/૧૯૯૬ ના રોજ રીલીઝ કરેલ કનેકશન નું એ–વન ફોર્મ સામેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી જોગદીયા રામજીભાઈ હીરાભાઈ ને તેમના મહુવા સ્થિત એપાર્ટમેન્ટ શિવાલય ખાતે બ્લોક નં – ૧ માં વિજ જોડાણ પ્રતિવાદી ની કચેરી દ્વારા ન આપવામાં આવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની રજૂઆતને લઈને ફોરમ દ્વારા તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, વાદી તથા પ્રતિવાદીના પ્રતિનિધિએ હાજર રહી લેખિત તેમજ મૌખિક રજૂઆત કરેલ છે. કેસની વધુ વિગતો મેળવવા ફોરમ દ્વારા પ્રતિવાદી ને તા.૧૧/૦૫/૨૦૨૩ ના રોજની સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ. જેમાં, તેના પ્રતિનિધિ હાજર રહી રજૂઆત કરેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

3.3 પ્રસ્તુત કેસમાં વાદીને તેમના શિવાલય ફ્લેટ, નુતનનગર, બ્લોક ન. ૧, માં પ્રતિવાદીની કચેરી દ્વારા તે જગ્યા પર જગ્યાના માલિક સંજયભાઈ પ્રવીણભાઈ ચોહાણનું જુનું લેણું રૂ. ૨૭૩૬૨/૩૪ બાકી હોઈ જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ ન. ૪/૨૦૧૫ ના ક્લોઝ ન. ૪.૩૦ મુજબ કનેક્શન આપવામાં આવેલ નથી, જયારે કે તે જ ફ્લેટમાં અન્ય ૧૦ કનેક્શન આપવામાં આવેલ છે.

પ્રતિવાદીની રજૂઆત છે કે અગાઉ આપવામાં આવેલ ૧૦ કનેક્શન વિવાદિત સ્થળનું વીજ કને. પી.ડી.સી. કર્યા પહેલાનું છે જે હવે કાપી શકાય નહિ.

3.૪ હાલના કેસની વધુ વિગત તપાસતા રેકર્ડ મુજબ શ્રી ચોહાણ કરશનભાઇ માયાભાઈ દ્વારા તેમની તા. ૧૦.૧૧.૧૯૯૫ની સમંતિ થી ચાર મકાનો તથા જમીન જે નુતનનગર વિસ્તારમાં આવેલી છે તેમાં તેમના પોત્ર સંજયકુમાર પ્રવીણભાઈ ને પ્લાસ્ટિકના ઉદ્યોગ શરુ કરવા સમંતિ આપેલ હતી.

શ્રી સંજયભાઈ નું વીજ જોડાણની રીલીઝ ડેટ તા. ૦૪.૦૮.૧૯૯૬ છે જેનો ગ્રા.ન. ૩૭૧૦૧/૫૦૧૪૨/૭ છે જેના પીડીસી વીજબીલના નાણા બાકી બોલે છે.

3.૫ સુનાવણી દરમ્યાન સદરહુ કનેક્શનની પી.ડી.સી. તારીખ કઈ છે તેની વિગત તથા અન્ય રેકર્ડ માટે પ્રતિવાદીને બે મુદત આપ્યા બાદ પણ સમય આપવામાં આવેલ, પરંતુ પ્રતિવાદી કનેક્શનની પી.ડી.સી. તારીખ રજુ કરી શક્યાં નથી. આ સંજોગોમાં પ્રતિવાદી એ હાલના ૧૦ વીજ કનેક્શન ને પી.ડી.સી. કર્યા પહેલા રીલીઝ કર્યા હોવાનું સાબિત થતું નથી.

આવા સંજોગોમાં જો પીડીસી વીજ જોડાણ ઇન્ડ. કનેક્શન હેતુ માટેનું હતું તો તે જ પ્લોટમાં ઘર વપરાશના કનેક્શન કઈ રીતે મળી શકે તેમજ ઇન્ડ. માંથી હેતુફેર કરી ઘર વપરાશનો હેતુ કરેલ હોઈ તો ક્યારે કરાવ્યું તે પણ સ્પષ્ટ થઈ શકતું નથી.

વધુમાં હાલના ઘર વપરાશના કનેક્શન પ્રતિવાદીએ જણાવ્યા અનુસાર જો પીડીસી કરેલ હોઈ તો તેનો અર્થ એ છે કે ઓદ્યોગિક હેતુના અને ઘર વપરાશના હેતુના પ્લોટના મિલકત નંબર અલગ અલગ છે, તેવા સંજોગોમાં પ્લોટના માલિક ચોહાણ કરશનભાઇ માયાભાઈ છે જેમના નામે કોઈ લેણું બાકી નથી જે લેણું બાકી છે તે ઇન્ડ. કનેક્શન વાળી જગ્યા નુ છે તે સ્થળ ઘર વપરાશવાળા કનેક્શન ની જગ્યાથી અલગ છે. તેવું સાબિત થાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૬ ઉપરોક્ત તારણોને મુજબ પ્રતિવાદી કોઈ સ્પષ્ટ અભિપ્રાય જે વિગતો રજુ સ્પષ્ટતા કરી શકેલ નથી, આથી ફોરમ એવા નિષ્કર્ષ પર પહોંચે છે કે પ્રતિવાદી દ્વારા જુનું બાકી લેણું હોઈ વાદીને કનેક્શન ન આપવા પાછળ નો હેતુ યથાર્થ જાણતો નથી. જુનું લેણું હાલના ઘર વપરાશના કનેક્શન વાળી જગ્યાનો તેમજ તેના જુના માલિક હોવાનું પણ સ્પષ્ટ થતું નથી, તદુપરાંત વાદીના ફ્લેટ માં હાલના ૧૦ કનેક્શન પ્રતિવાદી દ્વારા પીડીસી કર્યા પહેલાના હોવાનું પણ પ્રતિવાદી સાબિત કરી શકેલ નથી. તેવી પરિસ્થિતિમાં આ કેસના અરજદારને વીજ કનેક્શન થી વંચિત રાખી શકાય નહિ.

૩.૭ આથી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીને શિવાલય ફ્લેટના બ્લોક ન.૧ માં એસ.સી. એસ.પી. યોજના હેઠળ તાત્કાલિક ઘર વપરાશનું વીજ કનેક્શન દિવસ દસમાં આપવું તથા તેની જાણ ફોરમને કરવી.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં '3.૭ ' મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— **૧૧/૦૫/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.